**અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.ર અમદાવાદ**

ફોજદારી કેસ નં.૧૧૫૬૯૦/૨૧
આંક.

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– કુલદીપ મુફાજી ચૌહાણ

**આરોપઃ– ઈ.પી.કો.ની કલમ– ૨૮૩ વિગેરે.**

**ઠ રા વ**

(૧). આ કામના આરોપી વિરુધ્ધ **માધવપુરા/શાહીબાગ** પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો.ની કલમ – ૨૮૩ મુજબના ગુનાની ફરીયાદ થયેલ, જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જસીટ રજુ કરેલ છે.

(૨). ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના **નોટીફીકેશન નંઃ૬/૨૦૨૧ તાઃ૨૨/૧૧/૨૦૨૧** ધ્વારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય, આરોપીને સમન્સ બજતા, આરોપી આજરોજ કોર્ટ રુબરુ હાજર થતા, કેસની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ આંક... ની ગુના કબુલાત પુરસીસ આપી ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને તેથી સદરહું ગુના અંગે આંક....થી જવાબ લેવામાં આવેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે, આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોય દયા કરવા ના.કોર્ટને અરજ કરેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમાં લઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

**હુ ક મ**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી,ગુના બદલ રુા.૧૦૦/– (અંકે રુપિયા એકસો પુરા) દંડ કરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તે બદલ દિન–૪ (ચાર) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૧/૧૨/૨૦૨૧
અમદાવાદ

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪